ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૨.૪ ડીગ્રી
લઘુતમ : ૨૪.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૮૧ ટકા

ગાંધીનગર તાપમાન

ગાંધીનગર સે ૧૧ જૂની કોર્પોરેશનની કચેરી ખાતે આજે મેરી માટી મેરા દેશ કાર્યક્રમ યોજાયો હતો જે કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ અને ગાંધીનગર ટીડીઓ વિનોદ જોશી મારી માટી મારો દેશ કાર્યક્રમ અંતર્ગત જવાનોનું સમ્માન કરવામાં આવ્યો હતો અને સાંસ્કૃતિક કાર્યક્રમ કરી ધ્વજવંદન કાર્યક્રમ કરી તિરંગા ને સલામી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉત્તરના ધારાસભ્ય રીટા પટેલ, ટીડીઓ, પોલીસ ઈસ્પેક્ટર અને અને અન્ય એનસીસીના જવાનો હાજર રહયા હતા.

ડિવાઈન જુનિયર પ્રિ સ્કુલનો શૈક્ષણિક પ્રવાસ

ગાંધીનગર, તા.૧૮

સરગાસણ અને સેક્ટર પની ડિવાઈન જુનિયર પ્રેસ્કુલમાંથી ડૉ. વિક્રમ સારાભાઈ એક્સઝીબીશન અને મ્યુઝિમની મુલાકાત માટે બાળકોને શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. જેમાં સિનિયર કેજીના બાળકોને મુલાકાત લિધી હતી. આ પ્રવાસમાં બાળકોએ ચંદ્રયાન, ગ્રહો, એસ્ટ્રોનટ અને ખગોળ શાસ્ત્રીઓ વિશે માહિતી મેળવી હતી. આ પ્રવાસને સફળ બનાવવા માટે મિત્સુ મિસ્ત્રી, ક્રિમા દોશી તથા વૃષ્ટિ દલિચા, આચાર્ય ગીરાબેન ચૌધરીએ જહેમત ઉઠાવી હતી.

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા જિલ્લાની રૂરલ આઈ.ટી.ક્વીઝ યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

ભારતના ગ્રામ્ય વિસ્તારના બાળકોમાં "ઈન્ફોર્મેશન ટેકનોલોજી" પ્રત્યે આકર્ષણ જાગે તથા તેમના જ્ઞાન માં વધારો થાય તે હેતુથી ટાટા કન્સલ્ટન્સી અને કર્ણાટક ના વિજ્ઞાન અને પ્રોધ્યોગિકી વિભાગ દ્વારા દર વર્ષે સમગ્ર દેશમાં "રૂરલ આઈ ટી ક્વિઝ" નું આયોજન અને ગુજકોસ્ટ દ્વારા રાજ્ય કક્ષાનું આયોજન કરવામાં આવે છે જેના ભાગ રૂપે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જીલ્લાની નેશનલ રૂરલ આઈ.ટી.ક્વીઝ યોજાઈ હતી. નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ અનિલ પટેલ દ્વારા ક્વિઝ અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું આ રૂરલ આઈ.ટી.ક્વીઝ માં ગ્રામ્ય કક્ષાની ગાંધીનગરની પ્રાથમિક અને માધ્યમિક શાળાના ૭૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તેમાં બહુવિકલ્પ વાળા પ્રશ્નોનું પેપર આપવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓએ જવાબ લખ્યા હતા. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ ને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા આ ક્વિઝમાં ટોપ ૧૫ વિદ્યાર્થીઓ સપ્ટેમ્બરમાં યોજાનાર રાજ્ય કક્ષાની નેશનલ રૂરલ આઈ.ટી.ક્વીઝ-૨૦૨૩માં ભાગ લેશે આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના સંયોજક શિવાંગ પટેલ, હાર્દિક મકવાણા અને હાર્દિક ભટ્ટ જહેમત ઉઠાવી હતી

શ્રી દોતોર સતાવીસી ઔદિચ્ય બ્રહ્મસમાજના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૮

શ્રી દોતોર સતાવીસી ઔદિચ્ય બ્રહ્મસમાજ, ગાંધીનગર દ્વારા સ્નેહમિલન અને વિદ્યાર્થીઓના પુરસ્કારનો કાર્યક્રમ એસએસવી કેમ્પસમાં યોજાઈ ગયો. સમાજના ૩૫ થી વધુ વિદ્યાર્થીઓને ઈનામ આપવામા આવ્યા હતા. જેમાં તમામ પરિવાર દ્વારા ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમમાં સમાજના સંગઠન માટેની ચર્ચા કરવામા આવેલ અને આગામી વર્ષની નવી કારોબારીની રચના સર્વાનુમતે કરવામાં આવી. જેમાં પ્રમુખ- ભાવેશભાઈ વ્યાસ, મહામંત્રી-રોહિતભાઈ પંડ્યા, ઉપપ્રમુખ- શૈલેષભાઈ રાજગોર, સહમંત્રી-સંકેતભાઈ રાવલ તથા કારોબારી સભ્યો કનૈયાલાલ વ્યાસ, શત્રુઘ્નભાઈ પંડ્યા, મિથુનભાઇ જોશી, રાજેન્દ્રભાઈ જોશી, કેવલભાઇ રાવલ, ઉજાસભાઇ વ્યાસ, જયશ્રીબેન રાવલ, કલ્પનાબેન રાવલ, દર્શનાબેન જોશી અને મોનાબેન પાઠકની વરણી કરવામાં આવી હતી.

કલાગુર્જરી દ્વારા આપણું મળવું ગઝલ કહેવાય કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

આઝાદીના અમૃત મહોત્સવ તથા સાંસ્કૃતિક ધરોહર અંતગર્ત કલાગુર્જરી ગાંધીનગર દ્વારા ''આપણું મળવું ગઝલ કહેવાય છે'' કાર્યક્રમ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી યોજાયો હતો. આ કાર્યક્રમમાં નિશા ઉપાધ્યાય અને કલ્યાણી કૌઠાળકર, કવિ તુષાર શુકલ, પુરુષોત્તમ ઉપાધ્યાય, કિરણ શુક્લ, પરેશ ભટ્ટ, હર્ષિદા રાવલ વગેરેએ ગઝલની બારીકીઓ અને ગઝલનો મિજાજ, બંદીશની ગરિમા, આ બધું જ પોતાની આગવી અદામાં, સક્ષમ રજૂઆત પ્રસ્તુત કરી હતી. આ કાર્યક્રમમાં પૂર્વ સાંસ્કૃતિક મંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, કલાગુર્જરી ગાંધીનગરના પ્રમુખ એન. પી પટેલ, જયરાજિસંહ સરવૈયા, આશાબા સરવૈયા, નીતા બહેન પરમાર, મનોજ જોશી, ઉમા બહેન વગેરે ઉપસ્થિત રહયા હતા.

સંસ્કૃત સંભાષણવર્ગોનો આરંભ

ગાંધીનગર, તા.૧૮

શ્રાવણમાસની પૂર્ણિમાને સંસ્કૃત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ જ દિવસના ઉપક્રમે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ તેમજ સંસ્કૃતભારતી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સમગ્ર શહેરમાં સંસ્કૃત સંભાષણવર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ગોનો શુભારંભ થયો છે. જેમાં નગરના વિવિધ આઠ સ્થળો પર એક સાથે સંસ્કૃત સંભાષણ શિબિર કાર્યરત રહેશે. આ આઠ સંભાષણ શિબિરોમાં અત્યાર સુધીમાં કુલ ૩૦૦થી વધુ સંસ્કૃત-પ્રેમી નગરજનોએ પંજિકરણ કરાવ્યું છે. આગામી દસ દિવસ સંભાષણ વર્ગો ચાલશે. દેવવાણી અને વેદવાણી એવી માધુર્યસભર સંસ્કૃતભાષાના અધ્યયન માટે આ સુવર્ણ અવસર છે.

શાહપુર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ આઈઆઈટીની મુલાકાતે

ગાંધીનગર, તા.૧૮

શાહપુર પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓએ શાળાના ગણિત વિજ્ઞાનના શિક્ષકો સાથે આઈઆઈટી પાલજની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓને આઈઆઈટીના તજજ્ઞ મિત્રો દ્વારા ગણિત વિષયના વિવિધ મોડેલ તથા વિજ્ઞાનની વિવધ પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પોતાની જાતે પણ ગણિત વિજ્ઞાનના ઘણા બધા મોડેલ તૈયાર કર્યા હતા. આઈઆઈટીમાં ચાલતા અભ્યાસક્રમ અને પ્રવૃતિઓની માહિતી પણ વિડીયો માધ્યમથી બતાવી હતી.

સે-૧૪ ખાતે વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ તેમજ સફાઈ કામદારોનું સન્માન કરાયું

ગાધીનગર, તા.૧૮

૧૫ મી ઓગસ્ટના ૭૭ માં સ્વાતંત્ર્ય દિન એ સેક્ટર ૧૪માં ગુપ્તા સ્પોર્ટ્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા દેશભક્તિના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ ઉમેશ ગુપ્તાજી પૂર્વ એરફોર્સના ફ્લાઈંગ જેઓએ બાંગ્લાદેશ અને કારગીલના યુદ્ધમાં પણ બેટા પૂર્વક ભાગ લીધેલ અને તે બદલ તેઓને ગવર્નર અને રાષ્ટ્રપતિશ્રી દ્વારા એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવેલ તેઓના વરદ હસ્તે ધ્વજ વંદન કરવામાં આવેલ સમગ્ર કાર્યક્રમનું આયોજન ખેલમહા કુંભ અને ગોલ્ડ મેડલ વિજેતા રાજીવ ગુપ્તા દ્વારા કરવામાં આવેલે વંદન બાદ સલામી પરેડ સાંસ્કૃતિક કાર્યક્રમ અને સફાઈ કામદારોનું વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ સાથે સાથે શ્રી એમ કે ફાઉન્ડેશનના મહેન્દ્રભાઈ કે ચૌહાણ તરફથી ધોરણ ૧ થી ૭ ના વિદ્યાર્થીઓને ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવેલ લાયન્સ ક્લબ ફાઈનલીના દ્વારા બ્લડ ડોનેશન ના કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ સજુબેન ગુપ્તા અને વિનોદ વાઘેલા રમેશ ચૌહાણ વગેરે પણ ખૂબ સારી સેવા કરેલ કાર્યક્રમમાં પાર્થ ઠક્કર ડોક્ટર ગુલાબબેન પટેલ અને વર્ષા હતીઓ અને બાળકો ઉપસ્થિત રહયા હતા.

૭૭ મા સ્વાતંત્ર્ય દિનની લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

નિઃશુલ્ક પાઠશાલા અને એમ કે ફાઉન્ડેશન દ્વારા શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા.૧૮

સેક્ટર ૧૪ના ગાર્ડનમાં સ્વર્ગસ્થ અટલ બિહારી બાજપાઈના પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં ડોક્ટર ગુલાબબેન પટેલ, કાંતિભાઈ પટેલ, મહેન્દ્રભાઈ કે ચૌહાણ, દેવર્ષિ ઠાકુર તથા બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ વંદે માતરમના ગાન બાદ સૌએ અટલ બિહારી બાજપાઈની પ્રતિમાને ફુલ અર્પણ કરી વંદન કરી શ્રદ્ધાંજલિ પાઠવેલ હતી.



સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરમાં આચાર્ય ડૉ.એમ.જી.ભટ્ટની પ્રેરણાથી ''વિશ્વ સિહ દિવસ''ની ઉજવણીના ભાગ રૂપે ઈકો ક્લબ અને રંગ કલા કૌશલ્ય ધારા હેઠળ સંસ્થામાં ચિત્ર સ્પર્ધા યોજાયેલ હતી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ત્રિવેદી કિરણ કાન્તિલાલ ઉ.વ.૪૭, ગાંધીનગર
- સ્વ.સોલંકી હીરાબેન સાંકળચંદ ઉ.વ.૯૦, રીદ્રોલ, માણસા
- સ્વ.વિરપરીયા ભગવાનજી નરસિંહ ઉ.વ.૭૦, અડાલજ

આજે શિવ મહિમ્ન પાઠ

ભાગ્યેશભાઈ દવે, શિનદ સીટી, બ્લોક ડી-૪૦૨, ક-૭

જન્મદિને વધામણી

રાહુલ સુખડિયા
રાધે-રાધે ગ્રૂપ

યોગેશ પ્રતાપરાય ત્રિવેદી
નાટ્ય-ફિલ્મ કલાકાર

ફેની બી પોપટ

શુભમ વાસુદેવ ત્રિવેદી
મો. ૯૦૯૯૦ ૭૫૧૯૨

ચાહના એન દવે
ચાહના ડાન્સ સ્ટુડિયો, વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર
મો. ૯૩૭૪૮ ૦૫૯૭૨

શ્રેયા નિતીન મેકવાન



મીત સધાની
મો. ૯૬૨૪૯ ૯૪૩૦૪

શિવન્યા કલ્પેશકુમાર પ્રજાપતિ
મો. ૯૫૪૩ ૯૫૨૭૦

શિવાંશ સંદિપભાઈ વ્યાસ

પટેલ પ્રકાશચંદ્ર આર.
મો. ૯૭૨૭૬ ૦૧૫૧૬